રાજસ્થાનમાં ભાજપની સૌથી મોટી જીત

નવી દિલ્હી,તા. ૮

રાજસ્થાન વિધાનસભાની ચુંટણીના ઈતિહાસમાં ભાજપે હજુ સુધીની સૌથી મોટી જીત મેળવવામાં સફળતા મેળવી છે. કોંગ્રેસનો અહીં સંપૂર્ણપણે સફાયો થયો છે. અભુતપૂર્વ જીત મેળવી લીધા બાદ રાજસ્થાનમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર વસુંધરા રાજેએ કહ્યું હતું કે, ભાજપની આ સફળતા માટે ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની સૌથી મોટી ભૂમિકા રહેલી છે. રાજેએ ભાજપની સફળતા માટે નરેન્દ્ર મોદીને ક્રેડીટ આપી હતી. કોંગ્રેસની કારમી હાર થઈ છે. રાજસ્થાનમાં શાસન વિરોધી લહેરની સાથે-સાથે નરેન્દ્ર મોદીનો જાદુ પણ રહ્યો હતો. જેથી ભાજપને ઐતિહાસિક જીત મળી છે. અલબત્ત રાજયમાં શાસન વિરોધી મોજુ ૧૯૯૮થી જોવા મળ્યું છે. પરંતુ કોંગ્રેસનો આ દેખાવ તેનો હજુ સુધીનો સૌથી નબળો દેખાવ તરીકેનો રહ્યો છે.

૧૯૭૭માં પાર્ટીની અગાઉ હાર થઈ હતી એ વખતે કોંગ્રેસને ૪૧ બેઠકો મળી હતી. જ્યારે ૨૦૦૩માં ૫૬ બેઠકો મળી હતી. રાજસ્થાનના મુખ્યમંત્રી ગહેલોતે તેમના વતન જોધપુર જિલ્લાની સરદારપુરા બેઠક પરથી જીત મેળવી લીધા બાદ પક્ષની વિધાનસભાની ચુંટણીમાં હારને સ્વીકારી લીધી હતી. ગહેલોતે સવારે ૧૧ વાગ્યે પ્રવાહ સ્પષ્ટ થયા બાદ કબુલાત કરી હતી કે અમે વિકાસ કામગીરીને રજુ કરવામાં નિષ્ફળ રહ્યા છીએ. જે કામગીરી હાથ ધરાઈ હતી તેની નોંધ લેવાઈ નથી. ગહેલોતે એમપણ કહ્યું હતું કે, હારવા માટે અન્ય કોઈ કારણ નથી. વિકાસના આધાર ઉપર અમે ચુંટણી પ્રચાર કર્યો હતો પરંતુ અમે નિષ્ફળ ગયા છીએ. ગહેલોતે એમપણ કહ્યું હતું કે, કેટલાક કેન્દ્ર સ્તરના પરિણામો પણ જવાબદાર રહ્યા છે. બીજી બાજુ ચુંટણીમાં હાર થયા બાદ રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ચંદ્રભાને હોદ્દા પરથી રાજીનામું આપ્યું હતું. ઝુંજનુ જિલ્લામાં મંડાવા મત વિસ્તારમાંથી અપક્ષ ઉમેદવાર નેરન્દ્ર કુમાર સામે તેમની હાર થઈ હતી. વસુંધરા રાજે રાજસ્થાનના મુખ્યમંત્રી તરીકે હવે શપથ લેશે. રાજેએ કહ્યું હતું કે, આ વખતની ચુંટણી સેમીફાઈનલ સમાન હતી. રાજે સોમવારના દિવસે દિલ્હી પહોંચશે અને ભાજપની કેન્દ્રીય નેતાગીરી સાથે સરકાર રચવાના મુદ્દા પર વાતચીત કરશે. ૧૩મી ડિસેમ્બરે વસુંધરા રાજે મુખ્યમંત્રી તરીકેના શપથ લે તેવી શક્યતા છે. જોકે આ સંબંધમાં અંતિમ નિર્ણય લેવાયો નથી.ભાજપે રાજસ્થાનમાં ત્રણ ચતુર્થાંશ બહુમતી મેળવી લીધી છે.

રાજસ્થાનમાં નરેન્દ્ર મોદીનો જાદુ ચાલ્યો

ભાજપની રાજસ્થાન વિધાનસભાની ચુંટણીમાં શાનદાર જીત થયા બાદ પોતાની પ્રથમ પ્રતિક્રિયામાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ અને મુખ્યમંત્રી પદના ઉમેદવાર વસુંધરા રાજેએ કહ્યું હતું કે, પ્રદેશમાં ભાજપના શાનદાર દેખાવની

પાછળ વડાપ્રધાન પદના ભાજપના ઉમેદવાર નરેન્દ્ર મોદીની પણ ભૂમિકા રહી છે. નરેન્દ્ર મોદી મેજીક હોવાની કબૂલાત વસુંધરા રાજેએ કરી છે અને કહ્યું છે કે, પક્ષની જીતમાં મોદીની ભૂમિકા છે. વસુંધરાએ પત્રકારો સાથે વાતચીતમાં કહ્યું હતું કે, પાર્ટીના દેખાવની પાછળ મોદી એક ખૂબ મોટું કારણ છે. લોકોએ મોદી દ્વારા ગુજરાતમાં કરવામાં આવેલા પ્રચારની કામગીરીને નિહાળી છે. તેમણે એમપણ કહ્યું હતું કે, આ સેમિફાઈનલ છે, ફાઈનલ થોડાક મહીનામાં થશે. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે. રાજેએ એમ પણ કહ્યું હતું કે, સામાન્ય લોકો રાજસ્થાન સરકારથી ત્રાસી ગયા હતા. પાર્ટીની જીત કાર્યકરોની જીત છે. પ્રાથમિકતાઓ અંગે પૂછવામાં આવતા વસુંધરાએ કહ્યું હતું કે, રાજસ્થાનના લોકોની પ્રાથમિકતા શું છે તે અંગે વાતચીત કર્યા બાદ આ અંગે નિર્ણય કરવામાં આવશે.

યોગ્ય સમયે પીએમપદના ઉમેદવારની જાહેરાત થશે

નવી દિલ્હી,તા. ૮

વિધાનસભાની ચુંટણીના પરિણામ આજે જાહેર થયા બાદ સાંજે કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધી અને કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ પક્ષની હાર સ્વીકારી લીધી હતી. બન્નેએ કહ્યું હતું કે, હારના કારણોમાં આત્મ મંથન કરવામાં આવશે. પક્ષની હાર કેમ થઈ તે જાણવાના પ્રયાસ કરાશે. સંગઠનને વધુ મજબુત કરવાના પગલા લેવાની પણ ખાતરી કરવામાં આવી હતી. કોંગ્રેસના નેતાઓએ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને દિલ્હીમાં પક્ષની હારને સ્વીકારી લીધી હતી. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ હાર સ્વીકારતા હરીફોને અભિનંદન આપ્યા હતા અને કહ્યું હતું કે, યોગ્ય સમયે વર્ષ ૨૦૧૪ની લોકસભા ચુંટણીમાંથી તેના વડાપ્રધાન પદના ઉમેદવારના નામની જાહેર કરાશે.

સોનિયા ગાંધીએ એમપણ કહ્યું હતું કે, પક્ષના વરિષ્ઠ નેતાઓ હારના મામલામાં આત્મ મંથન કરશે. બીજી બાજુ કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી શાનદાર દેખાવ કરી શકી છે. કારણકે તેઓએ લોકોનો સમાવેશ કર્યો હતો. જે સામાન્ય રીતે નિયમીત પાર્ટી કરતી નથી અમે તેમની પાસેથી પણ બોધપાઠ લઈશું. યોગ્ય સમયે વડાપ્રધાન પદના ઉમેદવારની જાહેરાત કરાશે તેવી સોનિયા ગાંધીની વાતથી હવે ફરી એકવાર અટકળોનો દોર શરૂ થઈ ગયો છે.

ભાજપે તેના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે નરેન્દ્ર મોદીની જાહેરાત કરી હતી. કોંગ્રેસ આગામી વર્ષે યોજાનારી લોકસભાની ચુંટણીને આજના ચુંટણી પરિણામ સાથે જોડતી નથી. સોનિયા ગાંધીએ પણ કહ્યું છે કે, લોકસભાની ચુંટણી અને રાજય વિધાનસભાની ચુંટણી વચ્ચે અંતર છે. એપ્રિલ-મેમાં લોકસભાની ચુંટણી યોજાશે.

આમ આદમી પાર્ટી વિપક્ષમાં બેસવા તૈયાર છે : કેજરીવાલ

કોંગ્રેસ તરફથી સમર્થનની ઓફરને કેજરીવાલે ફગાવી

નવી દિલ્હી,તા. ૮

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં શાનદાર દેખાવ કરી ઈતિહાસ સર્જ્યા બાદ આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે, અમે કોઈપણ પાર્ટી તરફથી સમર્થન લેવા માટે તૈયાર નથી.

કેજરીવાલે કહ્યું હતું કે, તેમની પાર્ટી વિપક્ષમાં બેસવા માટે સંપૂર્ણપણ તૈયાર છે. કોંગ્રેસ તરફથી કરવામાં આવેલી સમર્થનની ઓફરને કેજરીવાલે ફગાવી દીધી હતી. સાથે-સાથે કેજરીવાલે એમપણ કહ્યું હતું કે, લોકસભાની ચુંટણીમાં મેદાનમાં ઉતરવાના સંબંધમાં યોગ્ય સમયે

નિર્ણય લેવામાં આવશે. કેજરીવાલે ઉમેર્યું હતું કે, પાર્ટીની જીત સામાન્ય લોકોની અને દિલ્હીના લોકોની જીત છે આ કાર્યકરોની જીત છે. કોંગ્રેસ અને ભાજપ જેવી પાર્ટીઓને ઉખાડી ફેંકવા કેજરીવાલે વાત કરી હતી. અરવિંદ કેજરીવાલની પાર્ટીએ દિલ્હીમાં ૩૨ ટકા મત હિસ્સેદારી હાસલ કરી લીધી છે. વિજળી અને પાણીના મુદ્દે કેજરીવાલે મુખ્યરીતે ઝુંબેશ ચલાવી હતી.

કોંગ્રેસ પાર્ટીને વિશ્વાસઘાતની સજા મળી છે : અણ્ણા હઝારે

રાલેગણસિદ્ધિ,તા.૮

ગાંધીવાદી નેતા અને સામાજિક કાર્યકર અણ્ણા હઝારેએ વિધાનસભાની ચૂંટણી અંગેપ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે કોંગ્રેસને લોકો સાથે વિશ્વાસઘાત કરવા બદલ સજા મળી છે. લોકોએ કોંગ્રેસને બોધપાઠ ભણાવ્યો છે. ચારે રાજ્યોમાં કોંગ્રેસનો સફાયો નિશ્ચિત બન્યા બાદ અણ્ણા હઝારેએ આ પ્રકારની પ્રતિક્રિયા આપી હતી. દિલ્હીમાં આમ આદમી પાર્ટીએ શાનદાર સફળતા મેળવ્યા બાદ અણ્ણાએ કહ્યું હતું કે આંદોલનના કારણે આમ આદમી પાર્ટીને ખૂબ જ સફળતા મળી છે. લોકો તેને સમર્થન આપવા માટે આગળ આવ્યા છે. ટીમ કેજરીવાલની સફળતા ઉપર અણ્ણાએ ખુશી વ્યક્ત કરી હતી. તેમને ઉમેર્યું હતું કે કોંગ્રેસે આંદોલન દરમિયાન અમારી સાથે વિશ્વાસઘાત કર્યો હતો. લોકોમાં તેમની સાથે થયેલા અન્યાયને

લઈને જોરદાર નારાજગી હતી. કોંગ્રેસે જે ભૂલો કરી છે તેની સજા લોકોએ તેને આપી છે. કોંગ્રેસ છેલ્લા૫૦ વર્ષથી સત્તામાં રહી હોવા છતાં લોકો માટે કાંઈપણ કર્યું નથી. અણ્ણાએ એમ પણ કહ્યું હતું કે યોગ્ય સમય આવ્યા બાદ કોંગ્રેસની સામે દેશભરમાં પ્રચાર કરવામાં આવશે. અણ્ણાએ આશા વ્યક્ત કરી હતી કે અરવિંદ કેજરીવાલ એક દિવસ ચોક્કસ મુખ્યમંત્રી બનશે. અત્રે નોંધનીય છે કે અણ્ણા હઝારેએ ભ્રષ્ટાચારની સામે આંદોલન ચલાવ્યા બાદ તેમાં આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ પણ જોડાયા હતા. જો કે અણ્ણા અને કેજરીવાલ વચ્ચે કેટલાક મામલે મતભેદોની સ્થિતિ સર્જાઈ હતી જેથી અરવિંદ કેજરીવાલ અલગ થઈ ગયા હતા અને અણ્ણાથી અલગ થયા પછી આમ આદમી પાર્ટીની રચના કરી હતી. અણ્ણા રાજકીય પાર્ટી બનાવવા તૈયાર થયા ન હતા. કેજરીવાલે સ્વચ્છ પ્રતિષ્ઠા ધરાવતા ઉમેદવાર ધરાવનારોને ટિકીટો આપી હતી.

મધ્યપ્રદેશ વિધાનસભાની ચુંટણીમાં ભાજપની શાનદાર હેટ્રિક

નવી દિલ્હી, તા.૦૮

મધ્યપ્રદેશ વિધાનસભાની ચુંટણીમાં ભાજપે શાનદાર હેટ્રિક નોંધાવ્યા બાદ મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે તેમની પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, મધ્યપ્રદેશમાં જીત મેળવી લીધા બાદ હવે દિલ્હીમાં જીત મેળવવાની યોજના છે. મધ્યપ્રદેશમાં ભાજપે શાનદાર જીત મેળવી છે. બીજી બાજુ જ્યોતિરાદિત્ય સિંધ્યાના નેતૃત્વમાં કોંગ્રેસનો સંપૂર્ણપણે સફાયો થયો છે.

ભાજપની હેટ્રિકથી ખૂબ જ ઉત્સાહિત શિવરાજસિંહ ચૌહાણે કહ્યું હતું કે, રાજ્યની સાથે ખૂબ ભેદભાવ કરવામાં આવ્યો છે. મધ્યપ્રદેશમાં જીત માટેની ક્રેડીટ કાર્યકરોને આપતા શિવરાજસિંહે કહ્યું હતું કે, આ જીત તેમની નહીં બલ્કે તેમના કાર્યકરોની છે. જીતના વાસ્તવિક હકદાર ગામ અને નાના વિસ્તારોમાં રહેતા લાખો કાર્યકરોની છે. જે કોઈપણ લોકપ્રિયતા મેળવવાની આશા વગર જુદા-જુદા ગામોમાં ભાજપ માટે પ્રચાર કરી રહ્યા હતા અને પોલીંગ બુથ પર કામ કરી રહ્યા હતા. શિવરાજસિંહે કહ્યું હતું કે, તેઓ રાજ્યની પ્રજા અને કાર્યકરોનો આ જીત માટે આભાર માને છે. શિવરાજસિંહે કહ્યું હતું કે,

રાજ્યમાં નરેન્દ્ર મોદી, રાજનાથસિંહ, સુષ્મા સ્વરાજ, અરૂણ જેટલી, વેંકૈયા નાયડુ, ઉમા ભારતી અને અન્ય નેતાઓની મદદ પણ તેમને મળી છે. આ જીતમાં તેમનું યોગદાન પણ પ્રસંશનીય છે. શિવરાજસિંહે દાવો કર્યો હતો કે, ભાજપ સરકારે સતત ૧૦ વર્ષ સુધી રાજ્યના વિકાસમાં મહત્વની ભૂમિકા અદા કરી છે. શિવરાજે કહ્યું હતું કે, કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હોવાના કારણે રાજ્ય સાથે યોગ્ય વર્તન થયું નથી. દિલ્હીમાં પણ ૨૦૧૪માં ભાજપની સરકાર બનાવવા માટે હવે પ્રયાસો શરૂ થશે.શિવરાજ સિંહે ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં મધ્યપ્રદેશમાંથી જ ભાજપને સૌથી વધારે લોકસભાની સીટો મળશે. ૨૩૦ સભ્યોની વિધાનસભાની ચુંટણીમાં જીત મેળવ્યા બાદ શિવરાજસિંહે ખુશી વ્યક્ત કરતા કહ્યું હતું કે, ભાજપની વિચારધારાથી લોકો ખૂબ જ પ્રભાવિત છે. શિવરાજે ખાતરી આપી હતી કે, મધ્યપ્રદેશના વિકાસ અને લોકોની સેવા કરવામાં તેઓ ક્યારેય પીછે હઠ કરશે નહીં. લોકો માટે વધુ સારા કામ કરવાની તેમણે ખાતરી આપી હતી. શિવરાજસિંહે ઉમેર્યું હતું કે, ભાજપની કેન્દ્રીય નેતાગીરીએ હંમેશા માર્ગદર્શન આપ્યું છે.

છત્તીસગઢમાં રસાકસી બાદ ભાજપનો વિજય

રમણસિંહની હેટ્રીક : ત્રીજી વાર મુખ્યમંત્રી પદ મેળવશે

રાયપુર, તા.૦૮

છત્તીસગઢમાં રમણસિંહના નેતૃત્વમાં ભાજપે શાનદાર હેટ્રીક નોંધાવવામાં સફળતા મેળવી છે. મોટાભાગના પરિણામો જાહેર કરવામાં આવી ચુકયા છે. ભાજપ છત્તીસગઢમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરીને

બહાર આવી છે. કોંગ્રેસે છેલ્લે સુધી છત્તીસગઢમાં જોરદાર ટક્કર આપી હતી પરંતુ આખરે ભાજપે બાજી મારી લીધી હતી.

રાજ્યના મુખ્યમંત્રી રમણસિંહે પત્રકાર પરિષદ યોજીને રાજ્યની જનતાને જીત માટે શુભેચ્છા પાઢવી હતી અને કહ્યું હતું કે, ભાજપે હેટ્રીક નોંધાવી લીધી છે. છત્તીસગઢની પ્રજાને તેઓ આના માટે અભિનંદન આપે છે. જનતાએ અમારા કામ ઉપર મંજુરીની મહોર મારી દીધી છે. રમણસિંહે પાર્ટીની જીતને લોકોની જીત તરીકે ગણાવી હતી. ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, રમણરસિંહ સરકારે ખૂબ શાનદાર કામગીરી કરી છે જેથી લોકોએ તેમનામાં વિશ્વાસ યથાવત રાખ્યો છે. આ ઉપરાંત ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ જોરદાર પ્રચાર કરીને લોકોને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા હતા. મતગણતરી શરૂ થયા બાદથી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ગળાકાપ સ્પર્ધા રહી હતી. રમણસિંહ ત્રીજીવાર રાજ્યના મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે. દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ એમ ચારે રાજ્યોમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી ચુકી છે.

રમણસિંહે પત્રકાર પરિષદ યોજી લોકોનો આભાર માન્યો

દિલ્હીમાં જટીલ ત્રિશંકુ વિધાનસભા પરિસ્થિતિ

નવી દિલ્હી, તા.૦૮

દિલ્હી વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસનો સંપૂર્ણપણે સફાયો થયો છે જેના પરિણામ સ્વરૂપે મુખ્યમંત્રી શિલા દીક્ષિત મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. શિલા દીક્ષિતની પણ અરવિંદ કેજરીવાલ સામે હાર થઈ છે. સૌથી આઘાતજનક બાબત કોંગ્રેસ માટે એ રહી છે કે, શાસક પાર્ટી ત્રીજા ક્રમાંકે ફેંકાઈ ગઈ છે અને કોંગ્રેસને બે આંકડામાં પણ બેઠક મળી નથી. દિલ્હીમાં ત્રિશંકુ વિધાનસભાની સ્થિતિ સર્જાઈ છે. અહીં ભારે અસમંજસની સ્થિતિ છે. સરકારની રચના કોણ કરશે તેને લઈને પ્રશ્નો ઉભા થવા લાગ્યા છે. અહીં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી છે પરંતુ ભાજપને પણ બહુમતી મળી શકી નથી. બે ત્રણ સીટના અંતરથી ભાજપ બહુમતીથી દૂર રહી જતા તેના માટે પણ જટીલ સ્થિતિ સર્જાઈ છે. બીજી બાજુ કેજરીવાલની પાર્ટી શાનદાર દેખાવ કરવામાં સફળ રહી છે પરંતુ બહુમતીથી દૂર છે. અરવિંદ કેજરીવાલે શિલા દીક્ષિતને ૨૨ હજારના મતે હાર આપીને નવો ઈતિહાસ રચ્યો હતો. ચુંટણી પરિણામમાં ભાજપ પ્રથમ, આમ આદમી પાર્ટી બીજા સ્થાને અને કોંગ્રેસ પાર્ટી ત્રીજા સ્થાને રહી છે. આમ આદમી પાર્ટીએ જોરદાર તેની હાજરી પુરવાર કરીને ભાજપ અને કોંગ્રેસની ઉંઘ હરામ કરી દીધી છે. કોંગ્રેસના મત કાપવામાં આમ આદમી પાર્ટીની ભૂમિકા રહી છે.

મિગ-૨૧ યુદ્ધ વિમાન હવે બુધવારે ઈતિહાસ બની જશે

નવી દિલ્હી,તા.૮

પાકિસ્તાની હવાઈદળને ૧૯૭૧ના યુદ્ધમાં જોરદાર ફટકો આપનાર મિગ-૨૧ યુદ્ધ વિમાનની પ્રથમ એડીશન પૈકી એક બુધવારના દિવસે ઈતિહાસ બની જશે. મિગ-૨૧

યુદ્ધ વિમાન હવે ઈતિહાસ બનવા જઈ રહ્યા છે. પશ્ચિમ બંગાળના કલઈ કુંડા વિમાની મથક પર આયોજિત ફેઝિંગ આઉટ કાર્યક્રમમાં હવાઈદળના વડા એર ચીફ માર્શલ એનએકે બ્રાઉનની હાજરીમાં મિગ-૨૧ વિમાન અંતિમ ઊંડાણ ભરશે. હવાઈદળ દ્વારા જારી કરવામાં આવેલી એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કેમિગ ૨૧ એફએલ વિમાનનો અવાજ હવે હવાઈદળમાં ૧૧મી ડિસેમ્બર ૨૦૧૩ બાદ સાંભળવા મળશે નહીં. એજ દિવસે આ વિમાન ઈતિહાસમાં નોંધાઈ જશે. હવાઈદળના ઓપરેશનલ કનવર્જન યુનિટના પાઈલોટ ચાર મિગ-૨૧ એફએલ વિમાનોને ઊડાવશે અને આ ગાળા દરમિયાન કાર્યક્રમમાં ઉપસ્થિત બ્રાઉન વિમાનની સલામી લેશે. આ કાર્યક્રમ દરમિયાન મિગ-૨૭ એમએલ, સુખોઈ-૩૦ એમકેઆઈ વિમાન પણ આ વિમાનોને વિદાય આપવા માટે ઊંડાણ ભરશે. મિગ-૨૧ ૧૯૬૫ અને ૧૯૭૧ ના યુદ્ધમાં મહત્વપૂર્ણ સાબિત થયા હતા. મર્યાદિત સંખ્યાના કારણે મિગ-૨૧ વિમાનોએ ૧૯૬૫ના યુદ્ધમાં મર્યાદિત ભૂમિકા અદા કરી હતી પરંતુ ૧૯૭૧ના યુદ્ધમાં આ વિમાનોએ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. આ વિમાનોએ કારગીલ યુદ્ધમાં પણ ભાગ લીધો હતો. આ દરમિયાન આશરે બે દશકના વિલંબ બાદ સ્વદેશમાં નિર્મિત લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસ વિમાન આ મહિને બેંગ્લોરમાં હવાઈદળમાં સામેલ કરી લેવાશે. ડીઆરડીઓ દ્વારા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે વિકાસ હેઠળ રહેલા આ વિમાને એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી લીધી છે. આ વિમાને ઈન્ફ્રા રેડ નિર્દેશિત હવાથી હવામાં પ્રહાર કરનાર મિસાઈલ ઝીંકી હતી. જે યોગ્ય નિશાન ઉપર પડી હતી. સરંક્ષણ અધિકારીઓએ કહ્યું છે કે વિમાનના ઈનીસિયલ ઓપરેશનલ ક્લીયરન્સ ૨, ૨૦મી ડિસેમ્બરના દિવસે બેંગ્લોર સ્થિત હોમબેઝમાં થશે. ત્યારબાદ આને સરંક્ષણ પ્રધાન એ કે એન્ટોની હવાઈદળમાં સામેલ કરશે.

સોનાની આયાતમાં ૩૦ ટકા સુધીનો ઘટાડો થશે

સોનાની આયાતમાં આગામી વર્ષે ઉલ્લેખનીય રીતે ઘટાડો થવાની શક્યતા દેખાઈ રહી છે. જુદા જુદા કારણો આના માટે દર્શાવવામાં આવ્યા છે. ૨૦૧૪માં સોનાની આયાત ઘટીને ૫૦૦ ટન સુધી પહોંચી જવાની દહેશત વેપારીઓ અને કારોબારીઓ વ્યક્ત કરી રહ્યા છે. ઊંચા ટેક્સ બાદ કિંમતોમાં વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત શેરની કિંમતમાં પણ ઘટાડો થઈ રહ્યો છે જેથી સોનાની છૂટક માંગ ઘટી રહી છે. ૨૦૧૪માં સોનાની આયાત ૨૦થી ૩૦ ટકા સુધી ઘટીને આશરે ૫૦૦ ટન સુધી પહોંચી જશે. જે આ વર્ષે અંદાજ મુજબ ૬૫૦થી ૭૦૦ ટન સુધી ગણવામાં આવતી હતી. ઓલ ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી ટ્રેડ ફેડરેશનના ડિરેક્ટર બચરાજ બામાલ્વાએ કહ્યું છે કે સોનાની આયાતમાં ઘટાડો થઈ રહ્યો છે. સોનાની આયાત ઘટવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં પણ જવાબદાર રહ્યા છે.

કોંગ્રેસ પાર્ટી છાવણીમાં જોરદાર સન્નાટો ફેલાયો

ચાર રાજ્યોમાં વિધાનસભાની ચુંટણીમાં અતિકંગાળ દેખાવ બાદ કોંગ્રેસની છાવણીમાં સન્નાટો ફેલાઈ ગયો છે. કોંગ્રેસ પાર્ટીની છાવણીમાં નિરાશા પ્રવર્તી રહી છે. એક બાજુ ભાજપમાં ઉત્સાહ જોવા મળી રહ્યો હતો ત્યારે બીજી બાજુ કોંગ્રેસના કાર્યકરો નિરાશ દેખાઈ રહ્યા હતા. રાજસ્થાન, મધ્યપ્રદેશ, દિલ્હીમાં કોંગ્રેસને સંપૂર્ણપણે નિરાશા સાંપડી છે. આ રાજ્યોમાં તેનો સંપૂર્ણપણે સફાયો થયો છે. કોંગ્રેસના નેતાઓ હાર માટે જુદા-જુદા મત વ્યક્ત કરી રહ્યા છે. રાજસ્થાનમાં અશોક ગેહલોત અને દિલ્હીમાં શિલા દીક્ષિતે હાર સ્વીકારી લીધી છે. કોંગ્રેસની ક્ચેરીઓ ચુંટણી પરિણામ આવવાની શરૂઆત થયા બાદ સૂમસામ દેખાઈ હતી. કારણકે, શરૂઆતથી જ કોંગ્રેસ વિરોધી મોજું સ્પષ્ટપણે તમામ રાજ્યોમાં દેખાઈ રહ્યું હતું.

સમાજ ચિંતન (પાના નં. ૪ નું ચાલુ)

બસ હવે તો સંસાર બાગના ક્રમાતા ફૂલોને ફરી મહેંકતા કરવાની ધૂન સવાર થઇ હતી. આ બધુ જ તેમણે દીકરાની જાણ બહાર કર્યું હતું. દીકરાને જાણ કવરાની તેમને પરવા પણ ન હતી. તેઓ દીકરાને પાઠ ભણાવવા માગતા હતા કે વૃદ્ધત્વ હંમેશા ઓશિયાળુ નથી હોતું. જમાવાની ઠોકરો ખાઇને તે પરીપક્વ બન્યું હોય છે. જેના સુખ ખાતર જીંદગીના અરમાનો હોમી દીધા હોય તે લોકો સમય આવે આપણી સામે ડોળા કાઢે ત્યારે ત્યાગ માટે કરવાનો? સમર્પણ કોના માટે કરવાનું? જીંદગીમાં બહુ થોડા લોકો એવા હોય છે જેને તમે પોતાના કહી શકો, પણ આવી વ્યક્તિઓને શોધવામાં ક્યારેક જીંદગી પુરી થઇ જાય છે... મોહનલાલ પોતાના દીકરાએ કરેલા આઘાતને હજુ ભૂલી શક્યા ન હતા...

આમ કરતા બે વર્ષે વીતી ગયા... દીકરાનો ફોન આવ્યો. પપ્પા અમે અઠવાડિયામાં ઇન્ડિયા આવીયે છીએ... પિતાએ દીકરાના સ્વાગતની બધી તૈયારીઓ કરી રાખી... અને એક દિકરો અને પુત્રવધુ એરોડ્રામથી ગાડી કરી સીધા ઘરે આવી પહોંચ્યા. બંગલે વૃદ્ધાશ્રમનું બોર્ડ જોઇ નવાઇ પામ્યા. માલસામાન સાથે ઘરમાં પ્રવેશ કરવા ગયા ત્યાં ચોકીદારે તેમને અટકાવી કહ્યું. ભાઇ, આ તો વૃદ્ધાશ્રમ છે. જુવાનીયાઓ માટે કોઇ પ્રવેશ નથી. તેણે ચોકીદાર સાથે ઘણી રકઝક કરી. ચોકીદારે કાર્યાલયમાં જઇ માલિક છગનલાલને વાત કરી છગનલાલે ચોકીદારને કહ્યું ફક્ત યુવાનને અંદર આવવા દો... દીકરો ઓફિસમાં દાખલ થયો તો રિવોલ્વીંગ ચેરમાં પિતાને બેઠેલા જોયા. પિતાએ કહ્યું, દીકરા, આ વૃદ્ધાશ્રમ છે. જુવાનિયાઓ માટે અહિં રહેવાની કોઇ સગવડ નથી તું મને વૃદ્ધાશ્રમમાં મુકવા માગતો હતો તારી ઇચ્છા મેં પુરી કરી છે. તું બીજે ક્યાંક રહેવાની વ્યવસ્થા કરી લે... અને દીકરો દયામણા ચહેરે પોતાના બંગલાની બહાર નીકળી ગયો...